મુખ્ય ઈજનેર

પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ
એન.એચ.એમ./પી.આઈ.યુ. બિલ્ડીંગ,
ચોથો માળ,સીવીલ હોસ્પીટલ કેમ્પસ
સેક્ટર-૧૨, ગાંધીનગર – ૩૮૨૦૧૨

નં .પી.આઈ.યુ./સેલ/ટેન્ડર/ **૨૦૩૧** /૨૦૨૩

તા. /૦૪/૨૦૨૩
12 APR 2023

## પરિપત્ર

વિષય - પ્રર્ફોમન્સ બોન્ડ/ સિક્યોરીટી ડીપોઝીટ ૨.૫% + ૫% (૭.૫૦%) કરવા બાબત

અનુ. - (૧) સરકારશ્રીના મા. અન મ. વિભાગના ઠરાવ ક્રમાંક નં પરચ/૧૦૨૦૨૦/ ૩૨૯/ સી તા.૦૧-૦૬-૨૦૨૧.

(૨) સરકારશ્રીના મા. અન મ. વિભાગના ઠરાવ ક્રમાંક નં પરચ/૧૦૨૦૨૦/૩૨૯/ સી તા.૦૫-૦૪-૨૦૨૨.

(૩) પી.આઈ.યુ. કચેરીના પત્ર ક્રમાંર પી.આઈ.યુ./સેલ/ટેન્ડર/૩૬૫૯/૨૦૨૧ તા.૧૪-૦૬-૨૦૨૧

સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ અન્વયે અગાઉ પી.આઈ.યુ દરેક કામની અંદાજીત રકમના ૧૦% માં ૨.૫% ફિક્સ ડીપોઝીટ ( એફ.ડી.આર.) તથા ૫% પ્રર્ફોમન્સ બોન્ડ સ્વિકારવામાં આવેલ છે તેમજ ૨.૫૦% મુજબ બીલોમાંથી વસુલાત કરવામાં આવે છે.

જે સરકારશ્રીના અનુસંધાન ઠરાવ તા. ૦૧-૦૬-૨૦૨૧ કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિ ને ધ્યાને લઈ હયાત તમામ કરારો માટે પ્રર્ફોમન્સ બોન્ડ / સિક્યોરીટી ડીપોઝીટની કુલ ૭.૫૦% રકમ પૈકી સમગ્ર કરારના સમયગાળા દરમ્યાન આ પ્રર્ફોમન્સ બોન્ડ / સિક્યોરીટી ડીપોઝીટની રકમ ૩% (ત્રણ ટકા) રાખવા તા.૦૧-૦૬-૨૦૨૧ થી મંજુરી આપવામાં આવેલ હતી તેની મુદત સરકારશ્રી ના તા.૦૫-૦૪-૨૦૨૨ ના પરિપત્ર અન્વયે તા. ૩૧-૦૩-૨૦૨૩ સુધી લંબાવવામાં આવેલ હતી જેમાં નીચે મુજબની શરતો મંજુરી આપેલ હતી.

**શરતો**

(૧) જે ઈજારદારશ્રી દ્વારા આર્બિટેશન કેસ / કોર્ટ કેસ દાખલ કરેલ હશે / તે બાબતે વિભાગને નોટીસ આપેલ હશે તે ઈજારદારને ઉપરોક્ત લાભ મળવા પાત્ર નથી જેથી આ અંગેનુ નોટરી એફીડેવીટ રજુ કરવાનુ રહેશે. જેની આખરી તારીખ તા.૩૧-૦૩-૨૦૨૩ સુધીમાં માંગવાના થતા ટેન્ડર્સ Date of Submission Dtd 31-03-2023 સુધી ગણત્રી કરવામાં આવેલ ટેન્ડર માટે પ્રર્ફોમન્સ બોન્ડ / સીક્યોરીટી ડીપોઝીટ ૩% (ત્રણ ટકા) રાખવાની રહેશે.

(૨) ઉપરોક્ત પધ્ધતિએ જે કામોના કરાર માટે પ્રર્ફોમન્સ બોન્ડ/ સીક્યુરીટી ડીપોઝીટ ૩% (ત્રણ ટકા) કરેલ હોય તે સમગ્ર કરારની અવધિ દરમ્યાન માન્ય રહેશે. કરારની અવધિ તા.૩૧-૦૩-૨૦૨૩બાદ માન્ય રહેતી હોય તો પણ ઉપરોક્ત પધ્ધતિએ પ્રર્ફોમન્સ બોન્ડ/ સિક્યોરીટી ડીપોઝીટ ૩% (ત્રણ ટકા) થી વધારવાની રહેશે નહી.

(૩) ઈજારદારશ્રી દ્વારા ૩% (ત્રણ ટકા) પર્ફોમન્સ બોન્ડ/ સીક્યુરીટી ડીપોઝીટ રાખવામાં આવે તે કિસ્સામાં પર્ફોમન્સ બોન્ડ સમયસર રીન્યુ કરવામાં આવશે તે પ્રમાણે ઈજારદારશ્રીની બાંહેધરી આપવાની રહેશે જે અંગેનુ નોટરાઈઝડ એફીડેવીટ રજુ કરવાનુ રહેશે.

(૪) ઈજારદારશ્રીના રનીંગ બીલમાં ૨.૫ % રકમ સિક્યોરીટી ડીપોઝીટ તરીકે કાપવાની જોગવાઈ યથાવત રાખવામાં આવે છે.

(૫) વર્ષ ૨૦૨૨-૨૩ ની જાહેર નિવીદા ઓનલાઈન પ્રસિધ્ધી ન થયેલ હોય તો વર્ષ ૨૦૨૩-૨૪ માં પ્રસિધ્ધી પહેલા સીકયુરીટી ડીપોઝીટ પેટે કોવીડ-૧૯ ની સ્થિતી પહેલાની જોગવાઈ મુજબ ૨.૫% + ૫% (પ્રફોર્મન્સ બોન્ડ) સુધારો ઓનલાઈન અચુક મુકવો.

(૬) વર્ષ૨૦૨૩-૨૪ દરમ્યાન નવી નિવીદા માટે સિકયુરીટી ડીપોઝીટ ( ૭.૫૦%) મુજબ રૂ.૩૦/- લાખની વધુના અંદાજીત કિમંતમાં કામો માટે ( કુલ ૧૦% ) જયારે રૂ.૩૦/- લાખથી નીચેના અંદાજીત કિમંતના કામોમાં માત્ર ૨.૫૦% સીકયુરીટી ડીપોઝીટ અને બીલ કપાત માં ૨.૫૦% મુજબ માર્ગ અને મકાન વિભાગ ઠરાવ મુજબ (કુલ ૫%) સીકયુરીટી ડીપોઝીટ રાખવી.

આ પરિપત્રથી ફી મેઈન્ટેનન્સ ગેરંટી/ ડીફેક્ટ લાયેબલીટી/ મેઈન્ટેનન્સ પીરીયડ માટે જમા રાખવા પાત્ર રકમમમાં કોઈ ફેરફાર કરવાનો રહેતો નથી.

માર્ગ અને મકાન વિભાગ તરફથી આ પ્રકરણમાં સુધારા થશે તેનો પીઆઈયુ ના કામોમા પણ અમલ કરવાની સુચના આપવામાં આવશે.

મુખ્ય ઈજનેર
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ
ગાંધીનગર

નકલ સવિન. રવાના –

૧. અધિક્ષક ઈજનેરશ્રી પી.આઈ.યુ.( ઝોન૧ અને ૨, ઝોન ૩ થી૫, ઝોન -૬, ઝોન-૭ , ઝોન- વિધ્યુત ) જાણ તથા અમલ સારૂ.

નકલ રવાના

૨. કાર્યપાલક ઈજનેરશ્રી પી.આઈ.યુ. ( ઝોન ૧ થી૭, વિધ્યુત) જાણ તથા અમલ સારૂ.

૩. વિભાગીય હિસાબનીશશ્રી પી.આઈ.યુ. ( ઝોન ૧ થી૭, વિધ્યુત). જાણ તથા અમલ સારૂ.

૪. મુખ્ય ઈજનેરશ્રીનુ પી.બી. (સેલ) પી.આઈ.યુ. તમામ.(૧, ૨ અને૩) જાણ તથા અમલ સારૂ.